# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-06-2026 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## પોલીસ અધિકારીઓની કચ્છના સરહદી ગામોની મુલાકાત સંપન્ન

**કચ્છના સરહદી વિસ્તારોની સુરક્ષા અને પ્રજા સાથે સમન્વય વધારવાના હેતુથી વરિષ્ઠ પોલીસ અધિકારીઓની બે દિવસીય મુલાકાત સફળતાપૂર્વક સંપન્ન થઈ છે. ૧૧ અને ૧૨ જૂન દરમિયાન યોજાયેલા આ સરહદી સંપર્ક કાર્યક્રમ અંતર્ગત અધિકારીઓએ ગામમાં રાત્રિ રોકાણ પણ કર્યું હતું.**

**મુલાકાત દરમિયાન, એડીજીપી અજયકુમાર ચૌધરીએ રાપરના જાટાવાડા અને શિરાનીવાંઢ ગામોમાં રાત્રિસભા યોજી પ્રશ્નો સાંભળ્યા હતા. ડીઆઈજી સુધા પાંડેએ ખાવડાના મોટા દિનારા અને ડીઆઈજી કે. એન. ડામોરે જૂના દેઢિયા તથા જુણા ગામની મુલાકાત લીધી હતી. જ્યારે કરાઈ અકાદમીના ડીઆઈજી લીના પાટિલે ધોરડોના ઉધમો અને પટગાર ગામની મુલાકાત લીધી હતી. તેમજ અમદાવાદ એડિશનલ સી.પી. આર.ટી. સુસરાએ દયાપરના પુનરાજપુર અને ગુનાઉ ગામની મુલાકાત લઈ ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધ્યો હતો.**

**--------------------------------------------------------------------------------------**

## પશુધન વિમા સહાય યોજના

**કચ્છના પશુપાલકોના આર્થિક હિત અને પશુધનની સુરક્ષા માટે રાજ્યના પશુપાલન વિભાગ દ્વારા પશુધન વીમા સહાય યોજનાનું સફળ અમલીકરણ ૧ જૂન ૨૦૨૬થી જિલ્લામાં શરૂ કરી દેવામાં આવ્યું છે.. જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. રાજેશ પટેલે જણાવ્યું કે, આ યોજના હેઠળ પહેલા, બીજા કે ત્રીજા વેતરના તમામ દૂધાળા પશુઓને આકસ્મિક નુકસાન સામે વીમા કવચ પૂરું પાડવામાં આવશે.**

નેશનલ લાઈવસ્ટોક મિશન હેઠળ સરકાર દ્વારા વીમા પ્રીમિયમની કુલ રકમના ૮૫ ટકા માતબર સબસિડી આપવામાં આવશે, જેથી પશુપાલકોએ માત્ર ૧૫ ટકા પ્રીમિયમ જ ભોગવવાનું રહેશે. લાભાર્થી પશુપાલક વધુમાં વધુ ૧૦ પશુઓ માટે ૩૦ જૂન ૨૦૨૬ સુધીમાં 'આઈ-ખેડૂત' પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી શકશે. અરજી કર્યાના સાત દિવસમાં તેની નકલ નજીકના સરકારી પશુ દવાખાને જમા કરાવવાની રહેશે.

----------------------------------------------------------------------------------------

## સ્વચ્છતા સપ્તાહ અંતર્ગત સફાઇ કામગીરી

સ્વચ્છ અને સ્વસ્થ પર્યાવરણના હેતુથી સ્વચ્છતા સપ્તાહ અંતર્ગત તાલુકાના ભારાસર, નિરોણા, નલિયા અને માંડવી સહિતના વિવિધ ગામોમાં વ્યાપક સફાઈ કામગીરી હાથ ધરાઈ હતી. ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ, આગેવાનો અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં ડ્રેઇનલાઈનો, ચેમ્બરો અને ગ્રે વોટર પોઇન્ટની સફાઈ કરાઈ હતી જેથી ગંદા પાણીનો સુચારુ નિકાલ થાય અને રોગચાળો અટકે. આ તકે લોકોને ડ્રેઇનમાં કચરો ન નાખવા અને ગંદકી ન ફેલાવવા જાગૃત કરાયા હતા. સ્વચ્છતાને દરેક નાગરિકની જવાબદારી ગણાવી ગામને હરિયાળું અને આરોગ્યપ્રદ બનાવવા સૌને સહભાગી થવા અપીલ કરાઈ હતી..

----------------------------------------------------------------------------------------

## બન્નીના માલધારીઓનો પશુઓ સાથે ભુજ આસપાસ પડાવ

કચ્છના બન્ની વિસ્તારમાં ઉનાળાના કારણે જળસ્ત્રોતો સુકાઈ જતાં અને ઘાસચારાની અછત સર્જાતાં, માલધારી પરિવારો પોતાના પશુધનને બચાવવા માટે ભુજ તાલુકાના વિવિધ વિસ્તારો તરફ આવી પહોંચ્યા છે. હાલ પશુપાલકો પોતાના પશુઓ સાથે શેખપીર ચોકડી, કુકમા, લાખોંદ અને પદ્ધર જેવા વિસ્તારોમાં અસ્થાયી પડાવ નાખીને વસવાટ કરી રહ્યા છે.

આ પરિવારો હાલ સ્થાનિક ખેતરોમાં ઉપલબ્ધ જાર, મકાઈ અને લીલા ચારાના સહારે પશુઓનો નિર્વાહ કરી રહ્યા છે. આ કપરી પરિસ્થિતિમાં માલધારી મહિલાઓ પણ વિશેષ સહયોગ આપી રહી છે, જેઓ વહેલી સવારથી વાડીઓમાંથી ચારો એકત્ર કરી પશુઓ સુધી

પહોંચાડે છે. પશુધનને જ પોતાનો જીવતરનો મુખ્ય આધાર ગણાવી, માલધારી પરિવારો ભારે જહેમત ઉઠાવીને પોતાના પરંપરાગત વ્યવસાયને ટકાવી રાખવા મથામણ કરી રહ્યા છે..

---------------------------------------------------------------------------------

## જનકલ્યાણ શિબિરનું આયોજન

'વિકસિત ભારત'ના લક્ષ્ય હેઠળ કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓની માહિતી લોકો સુધી પહોંચાડવા મુંદરા તાલુકામાં તા. ૧૫/૬થી ચાર જનકલ્યાણ શિબિરો યોજાશે. ૧૫ જૂને ભોપાવાંઢ ખાતે મોટી ભુજપુર બેઠકની શિબિર તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીના માર્ગદર્શન હેઠળ યોજાશે. ૧૬ જૂને નાના કપાયા બેઠક માટે ઝરપરા ખાતે ટીડીઓ અને ૧૭ જૂને ભદ્રેશ્વર બેઠક માટે વડાલા ગામે મામલતદારની દેખરેખમાં શિબિર યોજાશે. જ્યારે ૧૮ જૂને સમાઘોઘા બેઠક માટે કારાઘોઘા ગામે બાગાયતી નિષ્ણાત અધિકારીની અધ્યક્ષતામાં શિબિર યોજાશે. આ તમામ શિબિરો સવારે ૧૧ થી ૫ વાગ્યા દરમિયાન યોજાશે.

---------------------------------------------------------------------------------

## વ્યાજખોરીની બદી નાથવા પીડિતો માટે લોક દરબાર

પૂર્વ-કચ્છ પોલીસ દ્વારા વ્યાજખોરીની બદીને નાબૂદ કરવા એક વિશેષ અભિયાન હાથ ધરાયું છે. આઇજી અને એસપી સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ, વ્યાજખોરોના ત્રાસથી પીડાતા નાગરિકો નિર્ભયપણે રજૂઆત કરી શકે તે માટે લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું છે.

ઔદ્યોગિક શહેર ગાંધીધામમાં વ્યાજના વિષચક્રના કારણે આપઘાત સુધીના કિસ્સા બન્યા છે. આ ભયજનક પરિસ્થિતિમાંથી લોકોને મુક્ત કરાવવા માટે, આગામી ૧૫ જૂનના રોજ સવારે ૧૧ થી બપોરે ૨ વાગ્યા દરમિયાન પોલીસ અધિક્ષકની કચેરી ખાતે પીડિતો રૂબરૂ મળી શકશે. પોલીસે તમામ ભોગ બનનાર લોકોને કોઈ પણ ડર રાખ્યા વિના આગળ આવી ફરિયાદ નોંધાવવા ખાસ અપીલ કરી છે.

---------------------------------------------------------------------------------